Read in English

॥ વચનામૃત ॥

# લોયા ૧૨: છ પ્રકારના નિશ્ચયનું, સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયનું

સંવત ૧૮૭૭ના માગશર વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને બીજાં સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન કર્યો જે, “ભગવાનનો નિશ્ચય બે પ્રકારનો છે; એક સવિકલ્પ અને બીજો નિર્વિકલ્પ. અને તે બેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે. તે બે મળીને છ ભેદ થયા તેનાં લક્ષણ પૃથક્ પૃથક્ કરીને કહો.” પછી તેનો ઉત્તર પરમહંસ વતે થયો નહીં. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “સવિકલ્પ નિશ્ચયમાં કનિષ્ઠ ભેદ તો એ છે જે, ભગવાન જે તે અન્ય મનુષ્યની બરોબર કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન એ આદિકને વિષે પ્રવર્તે ત્યાં સુધી તો ભગવાનનો નિશ્ચય રહે, પણ જો વધારો કરે તો ન રહે. અને મધ્યમ ભેદ તો એ જે, મનુષ્ય થકી બમણા કામાદિકને વિષે અધિક પ્રવર્તે ત્યાં સુધી પણ નિશ્ચય રહે. અને ઉત્તમ ભેદ તો એ જે, ભગવાન ગમે તેવું નીચ જાતિની પેઠે આચરણ કરે તથા મદ્ય, માંસ, પરસ્ત્રી, ક્રોધ, હિંસા ઇત્યાદિક ગમે તેવું આચરણ કરે તો પણ સંશય થાય નહીં; કેમ જે, એ ભક્ત ભગવાનને એમ જાણે છે જે, ‘ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે ને સર્વના ભોક્તા છે. માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિષે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે, તો એ તો કાંઈક થોડીક એવી નીચ જેવી ક્રીયા કરી તેણે કરીને એમને કાંઈ બાધ નથી; કેમ જે, એ તો સર્વકર્તા છે.’ એવી રીતે ભગવાનને વિષે સર્વેશ્વરપણું જાણે, માટે એને ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્‌ભક્ત કહીએ.

અને હવે નિર્વિકલ્પમાં કનિષ્ઠ ભક્ત ક્યો? તો ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતા દેખે તો પણ એમ સમજે જે, ‘સર્વ ક્રિયાને કરે છે તો પણ અકર્તા છે; કેમ જે, એ ભગવાન તો બ્રહ્મરૂપ છે. તે બ્રહ્મ કેવું છે? તો આકાશની પેઠે સર્વને વિષે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિષે જ થાય છે.’

એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે. જેમ રાસપંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે, 'ધર્મરક્ષક ભગવાનનો અવતાર, તેણે પરદારાનો સંગ કેમ કર્યો?' ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે, 'શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે, તે જે જે શુભ-અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે.' એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે, તેને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટ ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે, તેને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. અને અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ."

ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ! એવી રીતે નિશ્ચયના ભેદ તે શાણે કરીને થાય છે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે મુમુક્ષુ પ્રથમ ગુરુ પાસે આવે ત્યારે વક્તા જે ગુરુ તેને વિષે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ-અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદ-તીક્ષ્ણપણું તેણે કરીને એવા ભેદ પડી જાય છે. માટે સારાં દેશાદિકને સેવવાં તથા વક્તા પણ સૂધો શાંત હોય ને તેમાં કોઈ દોષ ન હોય, તે સમે તે થકી જ્ઞાન સાંભળવું."

ત્યારે વળી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "કદાચિત્ કોઈક યોગે કરીને કનિષ્ઠ નિશ્ચય થયો હોય તેને પાછો વળી ઉત્કૃષ્ટ નિશ્ચય થાય કે નહીં?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડાં દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય, નહીં તો જન્માન્તરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે."

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૧૨ ॥ ૧૨૦ ॥

॥ THE VACHANAMRUT ॥

## LOYA-12 : The Six Levels of Faith; Savikalp and Nirvikalp Faith

On the night of Māgshar vadi 9, Samvat 1877 [29 December 1820], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting in Surā Khāchar's darbār in Loyā. He was dressed entirely in white clothes and was also wearing a red, woolen dagli. At that time, an assembly of paramhansas as well as devotees from various places had gathered before Him.

Thereupon Shriji Mahārāj raised a question, "Faith in God is of two types: one is 'savikalp faith', and the other is 'nirvikalp faith'. In each type of faith there are three sub-categories: the highest level, the intermediate level, and the lowest level. Please describe, in turn, the distinguishing characteristics of each of these six categories."

The paramhansas were unable to answer, so Shriji Mahārāj said, "The characteristics of a person with the lowest level of 'savikalp faith' are as follows: As long as God exhibits lust, anger, avarice, egotism, cravings for taste, etc., to the same extent as other humans, the person's faith in God remains. But if God were to display these swabhāvs more so than others, his faith would be shattered.

"The faith of someone with an intermediate level of 'savikalp faith' remains firm even if God exhibits lust, anger, etc., to a double degree than that of humans.

"Finally, one with the highest level of 'savikalp faith' would never doubt any action of God, even if God were to behave coarsely like a person of a low caste; or exhibit anger, violence, etc.; or indulge in drinking alcohol, eating meat or adultery. Why? Because he understands God to be the all-doer, the supreme lord, and the experiencer of everything. Such a person realizes that whatever actions take place in the world are the result of God, who is anvay within all beings as their controller. If, then, He were to indulge in some degrading deed, it would not affect Him at all since He Himself is the all-doer. In this manner, one who has realized God as the lord of all is known as a devotee of God with the highest level of 'savikalp faith'.

"As for a devotee with the lowest level of 'nirvikalp faith', no matter what pious or impious deeds he witnesses being performed by God, he understands that in all actions God performs, He is still a non-doer, since He is Brahma. That Brahma is like ākāsh in that everything resides in ākāsh and all actions take place within it. The devotee realizes such qualities of Brahma in God. For example, during the narration of

the Rās-panchādhyāyi, King Parikshit asked Shukji, 'God assumes an avatār to uphold dharma. Why, then, did he associate with the gopis?' Shukji replied, 'Shri Krishna is radiant like fire; whatever actions he performs, pious or impious, are burnt to ashes.' In this manner, one who understands God as Brahma, unaffected by the actions He performs, is said to have the lowest level of 'nirvikalp faith.'

"One who becomes like the niranna-muktas of Shwetdwip - who are free from the six physical and emotional sensations - and worships Vāsudev is said to possess an intermediate level of 'nirvikalp faith'.

"Finally, one possessing the highest level of 'nirvikalp faith' realizes that countless millions of brahmānds, each encircled by the eight barriers appear like mere atoms before Akshar. Such is the greatness of Akshar, the abode of Purushottam Nārāyan. One who worships Purushottam_realizing oneself to be aksharrup can be said to possess the highest level of 'nirvikalp faith'."

Thereafter Chaitanyānand Swāmi asked, "Mahārāj, how did such distinctions in faith arise?"

Shriji Mahārāj replied, "When an aspirant initially approaches a guru, several factors cause distinctions in his faith: the auspiciousness and inauspiciousness of place, time, company, initiation, action, mantra, scriptures, etc., with regards to the guru; as well as the intensity of one's own shraddhā. Therefore, one should always associate with favorable places, times, etc. Moreover, one should acquire wisdom from a speaker who is serene and faultless."

Chaitanyānand Swāmi asked further, "If under such circumstances one develops the lowest level of faith, can it later develop into the highest level of faith?"

Shriji Mahārāj replied, "If the listener possesses extreme shraddhā; and if he encounters favorable places, times, etc.; and if he encounters a guru with the highest level of gnān, then the highest level of faith will develop. Otherwise, such faith would develop after many lives."

Vachanamrut ‖ 12 ‖ 120 ‖